| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૪૬/૨૦૨૬.
આંકઃ ૦૮

**અરજદાર/આરોપી.**

**(૧) નારાયણ રામલાલ ગુર્જર**
ઉ.વ. ૪૫, વ્યવસાયઃ મજુરીકામ,
રહે. બરાવલો કા ખેડા, ગરખીયા ભીલવાડા
રાજસ્થાન.
**(૨) દેવીલાલ રતનલાલ પટેલ**
ઉ.વ. ૩૩, વ્યવસાયઃ મજુરીકામ,
રહે. વાતડા ફલા, ઉથરડા ગામ,
જિલ્લા ઉદયપુર, રાજસ્થાન.
**(બંને હાલઃ સેન્ટ્રલ જેલ-રાજકોટ.)**

-// વિરૂધ્ધ //-

**સામાવાળા.**

**શ્રી સરકાર.**

**બાબતઃ બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર તરફે :- વિદ્વાન વકિલશ્રી પી.એન.વારીયા.**
**સામાવાળા તરફે :- વિદ્વાન એ.પી.પી. શ્રી એ.એચ.જોષી.**

---

**<u>ચુ કા દો</u> –**

૧. રાજકોટ શહેર, ગાંધીગ્રામ-૨ (યુની.)પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૩૨૬૦૨૧૯/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઇ),૧૧૬(બી),૯૮(૨), ૮૧ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપી પાસેથી કાઇ કબજે કરવાનુ રહેતુ નથી અને રીકવરી કે ડિસ્કવરી કરવાની રહેતી નથી. અરજદાર/આરોપી ઉપર કુટુંબની જવાબદારી છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા ન આવે તો પ્રિ-ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે. નાશી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદારને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો

ગુનો છે. અરજદાર/આરોપીના પઝેશનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ-૬૭૨, કિંમત રૂા.૧,૯૩,૫૩૬/- મળી આવેલ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારના સોગંદનામું વંચાણે લેતા તેમા આરોપી પાસેથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની અલગ-અલગ શીલબંધ બોટલો મળી કુલ નંગ-૬૭૨, કિંમત રૂા.૧,૯૩,૫૩૬/- તથા સફેદ કલરની લકઝરી બસ રજી.નં.એમપી.૪૪.ઝેડ ઈ.૭૭૭ જેની કિંમત રૂા.૭,૦૦,૦૦૦/- મળી કુલ રૂા.૮,૯૩,૫૩૬/-નો મુદામાલ કબજે કરેલ છે. આ કામે પોલીસ પેપર્સ વંચાણે લેતા તથા મુદામાલ રીકવર થઈ ગયેલ હોય તે સંજોગોમાં અરજદારને વધુ સમય જેલમા રાખવામા આવે તો પ્રિ-ટ્રાયલ કન્વીકશન થાય તેમ હોય જેથી નામ.સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રાના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

૧. અરજદાર/આરોપીની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી નં.**(૧) નારાયણ રામલાલ ગુર્જર,** ઉ.વ. ૪૫, વ્યવસાયઃ મજુરીકામ, રહે. બરાવલો કા ખેડા, ગરખીયા ભીલવાડા, રાજસ્થાન અને **(૨) દેવીલાલ રતનલાલ પટેલ,** ઉ.વ. ૩૩, વ્યવસાયઃ મજુરીકામ, રહે. વાતડા ફલા, ઉથરડા ગામ, જિલ્લા

ઉદયપુર, રાજસ્થાન નાઓને રાજકોટ શહેર, ગાંધીગ્રામ-૨ (યુની.)પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૩૨૬૦૨૧૯/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ),૧૧૬(બી),૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે **પ્રત્યેક અરજદાર/આરોપીએ** રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત-જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

૧) અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને સીધી કે આડકતરી રીતે ધાક ધમકી કે લોભ, લાલચ, પ્રલોભન આપી ફોડવાની કોશિશ કરવી કે કરાવવી નહી તથા ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહી.

૩) અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ કાયમી સરનામુ આધારકાર્ડ અથવા ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે પોતાનો મોબાઈલ નંબર સંબંધિત કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવો તથા તેમાં ફેરફાર થયે નવી વિગતો સંબંધિત કોર્ટમાં રજુ કરવાની રહેશે.

૫) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત કોર્ટમાં સાત દિવસમાં જમા કરાવવો, જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

૬) અરજદાર આરોપીએ આ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે હાજર રહેવું.

૭) વધુમાં, અરજદાર આરોપીએ તેમની વિરુધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ભારતની બહાર જવુ નહિ.

- હુકમની જાણ કરતી યાદી સંબંધિત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને મોકલવી.

હુકમ, આજ તારીખઃ ૧૨[મી], માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//VVK//*